# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-10-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) **સ્વચ્છતા હી સેવા અભિયાનમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અગ્રેસર બન્યું.**
2) **ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ 21થી 26 ઑક્ટોબર દરમિયાન 18 હજાર ગામડામાં જઈ પ્રાકૃતિક ખેતી અંગે લોકોને જાગૃત કરશે.**
3) **સરકારી કચેરીમાં દ્વિચક્રી વાહન લઈને આવતા વાહનચાલક અને તેમની પાછળ બેઠેલા વ્યક્તિએ હેલમેટ ફરજિયાત પહેરવું પડશે.**
4) PGVCLની કામગીરીના કારણે આજે સમગ્ર ભાવનગર શહેરમાં બપોરે 3 વાગ્યા સુધી પાણીકાપ રહેશે.
5) **ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ નવસારીમાંથી અંદાજે 90 હજાર રૂપિયાની નકલી આયુર્વેદિક દવા સાથે એક વ્યક્તિને પકડી પાડ્યો.**
6) **પોળોના જંગલોમાં આગામી 18મી ડીસેમ્બર સુધી દ્વિચક્રી વાહનો પર પ્રતિબંધ મૂકાયો.**

---

## SWACHHTA HI SEVA- GUJARAT TOP-10

સ્વચ્છતા હી સેવા અભિયાનમાં ગુજરાત રાજ્ય દેશભરમાં અગ્રેસર બન્યું છે. રાજ્યની આ નોંધપાત્ર સિદ્ધિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "મહાત્મા ગાંધીજીએ જે સ્વચ્છ ભારતનું સ્વપ્ન જોયું હતું તે સાકાર થઇ રહ્યું છે.

શહેરોમાં વર્ષોથી પડેલા કચરાના નિકાલમાં ગુજરાતે અત્યાર સુધી કુલ 210 લાખ ટન કચરાનો નિકાલ કરી સમગ્ર દેશમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર રાજ્ય બન્યું છે.

સ્વચ્છ ભારત અભિયાનના બીજા તબક્કા અંતર્ગત શહેરોમાં કચરાથી ઘેરાયેલી 698 એકર જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. 140 ડમ્પ સાઇટમાંથી 95 ટકા કચરાનો નિકાલ કરાયો છે. આગામી સમયમાં નગરપાલિકા વિસ્તારની ખુલ્લી થયેલી જગ્યા પર ઘન કચરાના પ્રસંસ્કરણ માટે પ્લાન્ટ બનાવવામાં આવશે, જે માર્ચ 2025 સુધીમાં કાર્યરત થશે.

.................................................................................................

# SWACHHTA HI SEVA MAHISAGER

સમગ્ર રાજ્યમાં “સ્વચ્છતા હિ સેવા” અભિયાનને આગામી 31મી ઓક્ટોબર સુધી લંબાવાયું છે, જે અંતર્ગત મહીસાગર જિલ્લાના લુણાવાડાના વિવિધ વિસ્તારમાં નગરપાલિકા કર્મચારીઓ દ્વારા દુકાને દુકાને જઈને જ્યાં ત્યાં કચરો ન ફેંકવા તેમજ શહેરને સ્વચ્છ રાખવાની અપીલ કરવામાં આવી રહી છે તેમજ જે દુકાનદારો સ્વચ્છતાનું પાલન નથી કરી રહ્યા તેમની વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરી દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે.

(ઓડિયો...)

.................................................................................................

# GUJARAT VIDYAPITH PRAKRUTIK KHETI

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ 21થી 26 ઑક્ટોબર દરમિયાન ગ્રામજીવન યાત્રા કરશે.

દરમિયાન તેઓ રાજ્યના 18 હજાર ગામમાં જઈ પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન અંતર્ગત ગ્રામજનો અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપશે. અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠના 105મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ગઈકાલે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ જીવનયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. શ્રી દેવવ્રતે કહ્યું કે, ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો તેને 20મી ઑક્ટોબરે 2 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ગૂજરાત વિદ્યાપીઠ ટ્રસ્ટી મંડળના મહાનુભાવો, કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, વિદ્યાપીઠના તમામ અધ્યાપકો, સેવકગણ અને તમામ વિદ્યાર્થીઓના પ્રયત્નોથી હું વિદ્યાપીઠમાં મોટું પરિવર્તન જોઈ રહ્યો છું. પ્રાકૃતિક ખેતી મહાઅભિયાન માટે ગુજરાતી ભાષાના કવિ તુષાર શુક્લએ લખેલા પ્રાકૃતિક કૃષિ ગીતનું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે લોકાર્પણ કર્યું હતું.

.................................................................................................

# GOVT OFFICE HELMET CIRCULAR

સરકારી કચેરીમાં દ્વિચક્રી વાહન લઈને આવતા ચાલક અને તેમની પાછળ બેઠેલા વ્યક્તિએ હેલમેટ ફરજિયાત પહેરવું પડશે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આ અંગે જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, સચિવાલયના તમામ વિભાગો, રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બૉર્ડ, નિગમો, પૂર્ણ કે આંશિક સરકારી અનુદાન લેતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મોટરસાઈકલ કે સ્કૂટર જેવા દ્વિચક્રી વાહન પર આવતા-જતા વાહનચાલક અને તેમની પાછળ બેઠેલા અધિકારીઓ કે કર્મચારીઓએ હેલમેટ ફરજિયાત પહેરવું પડશે. નહીં તો તેમને કચેરીમાં આવવા નહીં દેવાય.

.................................................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

....................................................................................

# Morbi Nagarpalika

મોરબીમાં નુકસાન પામેલા માર્ગોનું સમારકામ હાથ ધરાશે. જિલ્લામાં હોસ્પિટલ રોડ, વિજય ટોકીઝ રોડ, નગરદરવાજાથી દરબારગઢ રોડ સહિત જુદા જુદા વિસ્તારમાં મુખ્ય રસ્તાનું નવીનીકરણ કરીને લોકોને પડતી મુશ્કેલી અને પ્રદૂષણ ઘટાડવા માટેના પગલાં લેવાશે.

(ઓડિયો - કિશાન ફૂલતરિયા મોરબી નાગરપાલિકા, ઈજનેર)

.................................................................................................

# BHAVNAGAR VIJ KAAP

ભાવનગરમાં આજે રવિવારે સમગ્ર શહેરમાં સવારે 6 વાગ્યાથી બપોરે 3 વાગ્યા સુધી વીજકાપ હોવાના કારણે પાણી વિતરણ બંધ રહેશે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ – PGVCL વિભાગ સમારકામના કારણે ચિત્રા ફિલ્ટર

પ્લાન્ટ, તરસમિયા ફિલ્ટર પ્લાન્ટ ઉપર પમ્પિંગ બંધ રહેશે. ચિત્રા ફિલ્ટર આધારિત સીદસર વિસ્તાર, કુલસર વિસ્તાર, ઈશ્વરનગર, રામદેવનગર, બોરતળાવ, દેસાઈનગર, બેંક કોલોની, કુમુદવાડી, નારેશ્વર સોસાયટી, પટેલ નગર, સરિતા સોસાયટી વગેરે વિસ્તારમાં પૂરવઠો બંધ રહેશે. બાલયોગીનગર E.S.R. આધારિત લીલા ઉડાન, નારેશ્વર સોસાયટી, યોગીનગર, લાખાજીનગર, સુમેરુ ટાઉનશીપ, સત્કાર સોસાયટી વગેરે વિસ્તારોમાં પાણી સપ્લાય બંધ રહેશે. આ ઉપરાંત દિલબહાર E.S.R. આધારિત વિસ્તારોમાં પાણીકાપ રહેશે.

.....................................................................................................

# NAVSARI NAKLI DAVA

ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ નવસારીમાંથી ૧૦ હજાર રૂપિયાની કિંમતની નકલી દવાના જથ્થા સાથે એક વ્યક્તિને પકડી પાડ્યો હતો. તંત્રએ નવસારીના કાંગવાઈ ગામમાંથી પકડેલા આ વ્યક્તિ પાસેથી અંદાજે ૧૦ હજાર રૂપિયાની કિંમતનો એલોપેથિક દવાઓ અને આયુર્વેદિક દવાઓનો જથ્થો કબજે કર્યો હતો.

આ આયુર્વેદિક દવાઓની ચકાસણી માટે અલગ અલગ 10 દવાના નમૂના પૃથ્થકરણ માટે વડોદરાની ખોરાક અને ઔષધ પ્રયોગશાળા ખાતે મોકલી આપવામાં આવ્યા છે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિક્ષક ડૉ. એચ. જી. કોશિયાએ કહ્યું કે, ગેરકાયદેસર રીતે દવાનું ઉત્પાદન અને વેચાણમાં સંડોવાયેલા વ્યક્તિ વિરુદ્ધ દવાના પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરાશે.

# POLO FOREST

સાબરકાંઠાના વિજયનગર તાલુકાના પ્રવાસન સ્થળ પોળોના જંગલોમાં દ્વિચક્રી વાહનો પર આગામી 18મી ડિસેમ્બર સુધી પ્રતિબંધ મૂકાયો છે. જંગલમાં આવેલા શારણેશ્વર મંદિર પાસે પ્રવાસીઓની સુવિધા વધારવાના ભાગરૂપે જંગલ વિસ્તારને પ્રદૂષણમુક્ત ઇકો ટુરિઝમ તરીકે વિકસાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

જે અનુસાર પોળો વિસ્તારના શારણેશ્વર મંદિરના જંગલ નાકાથી વણજ બંધ અને વણજ બંધથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના માર્ગ ઉપર ચાર પૈડા અને તેથી ભારે વાહનો પર પ્રતિબંધ મૂકાયો છે. ઉપરાંત પ્લાસ્ટિકના વેચાણ અને ઉપયોગ ઉપર પણ પ્રતિબંધ મૂકાયો છે.

# GCRI LOK DARBAR

જો શરૂઆતના તબક્કામાં જ ભાળ મળી જાય તો સ્તન કેન્સરનું સંપૂર્ણપણે અને સરળતાથી નિદાન શક્ય છે. અમદાવાદ સિવિલ મેડિસિટીની ગુજરાત કર્કરોગ સંશોધન સંસ્થાન – G.C.R.I. ખાતે સ્તન કેન્સર જાગૃતિ અંગે યોજાયેલા લોક દરબારમાં G.C.R.I.ના નિદેશક શશાંક પંડ્યાએ આમ જણાવ્યું હતું. અમદાવાદ સિવિલ મેડિસિટીની G.C.R.I. દ્વારા સ્તન કેન્સર જાગૃતિ અંગે ગઈકાલે યોજાયેલા લોક દરબારમાં 800થી વધુ લોકો જોડાયા હતા. દરમિયાન કેન્સરના નિષ્ણાત તબીબોએ સ્તન કેન્સર અંગે મહિલાઓની ચિંતા, મૂંઝવણો અને પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

શ્રી પંડ્યાએ ઉમેર્યું કે, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના - PMJAY યોજના, સ્કૂલ હેલ્થ કાર્ડ યોજના અને અન્ય શ્રેણીને લગતી યોજનાઓનો લાભ લઈ દર્દીએ સ્તન કેન્સરનું નિદાન કરાવી શકે છે. સરકારે સ્તન કેન્સરની સારવાર માટે પીડિતો માટે G.C.R.I. સંસ્થાનમાં વિશેષ ઓપીડી શરૂ કરી છે અને આ ઓપીડીમાં દરરોજના 70થી વધુ લાભાર્થી નોંધાય છે.

.........................................................................................

# GUJARAT SANKALAN BETHAK

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સંકલન સમિતિની બેઠક યોજાઈ ગઈ. અમદાવાદ જિલ્લામાં કલેક્ટર અધ્યક્ષતામાં યોજાયેલી ફરિયાદ નિવારણ તેમજ સંકલનની બેઠકમાં અધિકારીઓને લોકોના પ્રશ્નોએ નિકાલ કરવાની સૂચના અપાઈ હતી.

નર્મદા જિલ્લા કલેક્ટર એસ. કે. મોદીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સહફરિયાદ નિવારણ સમિતિની યોજાયેલી બેઠકમાં લોકઉપયોગી પડતર પ્રશ્નોના  ત્વરિત નિકાલ લાવવા કલેક્ટર શ્રી મોદીએ અધિકારીઓને સૂચના આપી હતી. મોરબી જિલ્લામાં સંકલન સમિતિની બેઠકમાં આધારકાર્ડનો જનહિતાર્થે ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા  કલેકટરે અધિકારીઓને તાકીદ કરી હતી.

ઉપરાંત પંચમહાલ જિલ્લા કલેકટરે અધિકારીઓની  લોકોની નાની મોટી સમસ્યાઓનો ત્વરિત નિકાલ થાય તેનું ધ્યાન રાખવા ખાસ સૂચના આપી હતી.

.........................................................................................